UK Health Security Agency

પ્રિય માતાપિતા(ઓ) / સંભાળકર્તા(ઓ),

**સંદર્ભ: સ્કાર્લેટ ફીવરમાં વધારો**

સીઝનમાં અપેક્ષિત સ્તરોથી ઉપર UK હેલ્થ સિક્યોરિટી એજંસીને (UKHSA) સ્કાર્લેટ ફીવરના મળેલા નોટિફિકેશન્સમાં તાજેતરમાં વધારા અંગે તમને જાણ કરવા માટે અમે લખી રહ્યા છીએ.

જો તમે માનતા હો કે તમને અથવા તમારા બાળકને સ્કાર્લેટ ફીવર હોઈ શકે છે તો તમને ચિહ્નો, લક્ષણો અને લેવાં જેવાં પગલાંઓ અંગે યાદ કરાવવા માટે અમે આ તકનો ઉપયોગ કરવા માંગીએ છીએ.

**સ્કાર્લેટ ફીવરનાં ચિહ્નો અને લક્ષણો**

કેસોની સંખ્યા વધારે હોય છે, પરંતુ સ્કાર્લેટ ફીવરનાં લક્ષણો પર માતાપિતાએ નજર રાખવી જોઈએ, જેથી યોગ્ય અને સમયસરની સારવાર આપી શકાય.

સ્કાર્લેટ ફીવર સામાન્ય રીતે એક હળવી બિમારી હોય છે, જે ઍન્ટિબાયૉટિક્સના કોર્સ બાદ તરત મટી જાય છે. તે સામાન્ય રીતે ગળામાં સોજા, માથાનો દુખાવો, તાવ, ઊબકા અને ઊલટી સાથે શરૂ થાય છે અને ત્યારબાદ ચકામાં થાય છે, જે સ્પર્શ કરતાં કાચપેપર જેવાં લાગે છે.

ચકામાં સામાન્ય રીતે 12થી 48 કલાક બાદ થાય છે, જે વિશિષ્ટ રીતે પ્રથમ છાતી અને પેટ પર દેખાય છે, ત્યારબાદ શરીરના અન્ય ભાગોમાં ઝડપથી ફેલાય છે.

સફેદ ત્વચા પર ચકામાં ગુલાબી અથવા લાલ દેખાય છે. ઘઉંવર્ણી અને શ્યામ ત્વચા પર રંગમાં ફેરફાર થતો જોવો વધારે મુશ્કેલ હોઈ શકે છે, પરંતુ તમે હજીયે ચકામાંની કાચપેપર જેવી સપાટી અનુભવી શકો છો અને ઉપસેલી ફોલ્લીઓ દેખાઈ શકે છે. દર્દીઓને વિશિષ્ટપણે ગાલ પર લાલાશ આવે છે અને મોંની આસપાસ ફિક્કાશ હોઈ શકે છે. આની સાથે તેજ લાલ રંગની 'સ્ટ્રૉબેરી' જેવી જીભ જોવા મળે છે.

સ્કાર્લેટ ફીવર અને અન્ય ગ્રૂપ A સ્ટ્રેપમાં અમને વધારો દેખાઈ રહ્યો હોવા છતાં, બૅક્ટેરિયાને કારણે વધારે ગંભીર ચેપ થવાનું જોખમ બહુ ઓછું છે. પરંતુ એક માતા કે પિતા તરીકે જો તમને લાગતું હોય કે તમારા બાળકની તબિયત ગંભીરપણે નાદુરસ્ત છે તો તમારે પોતાની વિવેકબુદ્ધિનો વિશ્વાસ કરવો જોઈએ. જો તમને લાગતું હોય કે તમને અથવા તમારા બાળકને સ્કાર્લેટ ફીવર હોઈ શકે તો:

- **શક્ય તેટલી જલ્દી તમારા જનરલ પ્રૅક્ટિશનર (GP) અથવા NHS 111નો સંપર્ક કરો, કારણ કે ઍન્ટિબાયૉટિક્સ વડે સ્કાર્લેટ ફીવરની પ્રારંભિક સારવાર વધુ ગંભીર ચેપનું જોખમ ઘટાડવા માટે અગત્યની છે**
- ખાતરી કરો કે તમે અથવા તમારું બાળક કોઈ પણ સૂચવેલા ઍન્ટિબાયૉટિક્સનો પૂરો કોર્સ લો. ઍન્ટિબાયૉટિક્સનો કોર્સ શરૂ કર્યા બાદ તમને અથવા તમારા બાળકને ટૂંક સમયમાં સારું લાગવાની શરૂઆત થશે, પરંતુ તમારે એ ખાતરી કરવા માટે કોર્સ પૂરો કરવાનો રહેશે કે તમે સાજા થયા બાદ તમારા ગળામાં બૅક્ટેરિયા હાજર ન હોય
- ઍન્ટિબાયૉટિક સારવાર શરૂ કર્યા બાદ ઓછામાં ઓછા 24 કલાક માટે ઘરે રહો, નર્સરી, સ્કૂલ અથવા નોકરીથી દૂર રહો, જેથી ચેપ ફેલાતો અટકાવી શકાય

તમે વારંવાર હાથ ધોઈને અને ખાવાનાં વાસણો, કપડાં, પથારી અને ટુવાલ શેયર ન કરીને ચેપનો ફેલાવો અટકાવવામાં મદદ કરી શકો છો. બધા જ પ્રદૂષિત ટિશ્યૂનો તાત્કાલિકપણે નિકાલ કરવો જોઈએ.

## ઇન્વેઝિવ ગ્રૂપ અ સ્ટ્રૅપ (iGAS)

જે બૅક્ટેરિયાના કારણે સ્કાર્લેટ ફીવર થાય છે તે જ બૅક્ટેરિયા ત્વચાના ચેપો (ઇમ્પેટિગો (impetigo)) અને ગળામાં સોજો જેવા અન્ય પ્રકારના વિવિધ ચેપ પણ કરી શકે છે. બહુ જ ઓછા કેસોમાં બૅક્ટેરિયા લોહીના પ્રવાહમાં જઈ શકે છે અને ઇન્વેઝિવ ગ્રૂપ અ સ્ટ્રૅપ (iGAS) નામની બિમારી કરી શકે છે. iGAS હજીયે બહુ અસામાન્ય હોવા છતાં આ વર્ષે તેના કેસોમાં વધારો થયો છે, ખાસ કરીને 10 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોમાં વધુ જોવા મળે છે. સ્કાર્લેટ ફીવરથી પીડિત બાળકોમાં iGAS ચેપ જવલ્લે જ થાય છે.

એક માતા કે પિતા તરીકે તમારે તમારા પોતાના નિર્ણય પર વિશ્વાસ કરવો જોઈએ.

નીચેની સ્થિતિમાં NHS 111 અથવા તમારા જનરલ પ્રૅક્ટિશનરનો સંપર્ક કરો:

- તમારા બાળકની તબિયત ખરાબ થઈ રહી હોય
- તમારું બાળક સામાન્ય કરતાં બહુ ઓછું સ્તનપાન કરે કે ખાય
- તમારા બાળકનું નૅપી 12 કલાક કે વધુ સમય માટે કોરું રહે અથવા ડિહાઇડ્રેશનનાં અન્ય ચિહ્નો દર્શાવે
- તમારા શિશુની ઉંમર 3 મહિનાથી ઓછી હોય અને તેનું તાપમાન 38C હોય અથવા તેની ઉંમર 3 મહિનાથી વધુ હોય અને તાપમાન 39C અથવા તેનાથી વધારે હોય

- જ્યારે તમે તમારા શિશુની પીઠ અથવા છાતીને સ્પર્શ કરો ત્યારે તે સામાન્ય કરતાં વધારે ગરમ લાગે અથવા પરસેવો થયો હોવાનું લાગે
- તમારા બાળકને બહુ થાક લાગે અથવા ચીડિયું થાય

નીચેની સ્થિતિમાં 999 પર કૉલ કરો અથવા અકસ્માત અને કટોકટી વિભાગમાં (A&E) જાઓ:

- તમારા બાળકને શ્વાસ લેવામાં તકલીફ થાય – તમને ઘેરો,અસ્પષ્ટ અવાજ સંભળાઇ શકે છે અથવા તેનું પેટ તેની પાંસળીઓની નીચે દબાતું હોવાનું દેખાઇ શકે છે
- તમારું બાળક શ્વાસ લે ત્યારે અટકી અટકીને લે
- તમારા બાળકની ત્વચા, જીભ અથવા હોઠ ભૂરાં પડે
- તમારું બાળક આમતેમ ડોલતું હોય અને જાગે નહિ અથવા જાગેલું ન રહે

## ફેલાવો અટકાવો

સ્કાર્લેટ ફીવરના ઊંચા ઘટનાદરના સમયગાળાઓ દરમિયાન, સ્કૂલો, નર્સરીઓ અને અન્ય ચાઇલ્ડકેયર સેટિંગ્ઝમાં પણ રોગચાળામાં વધારો થઈ શકે છે. શંકાસ્પદ સ્કાર્લેટ ફીવરથી પીડિત બાળકો અને પુખ્ત વ્યક્તિઓએ યોગ્ય ઍન્ટિબાયૉટિક સારવાર શરૂ કર્યા બાદ **24 કલાક** સુધી નર્સરી / શાળા / નોકરીથી દૂર રહેવું જોઇએ. સ્વચ્છતાની સારી રીતભાતો, જેમ કે હાથ ધોવા એ ચેપના અટકાવ અને નિયંત્રણમાં સૌથી અગત્યનું પગલું રહે છે.

તમે સમય આપ્યો તે બદલ તમારો આભાર

## સંસાધનો

NHS – સ્કાર્લેટ ફીવર

સ્કાર્લેટ ફીવર: લક્ષણો, નિદાન અને સારવાર

બાળકો અને યુવાઓનાં સેટિંગ્ઝમાં સ્વાસ્થ્યનું રક્ષણ, શિક્ષણ સહિત

શાળાઓ માટે હાથની સ્વચ્છતાનાં સંસાધનો